ગાંધીનગર સમાચાર

**શહેરમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચ્યો**

# 'આ વાઈ-ફાઈ શું છે ? સ્વચ્છતામાં ગાંધીનગર કયા ક્રમે હતુ?' અડવાણીના સવાલ

## તંત્રની કામગીરીને બિરદાવતા અડવાણી



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરનો સ્વચ્છતા અંગેના સર્વેમાં કયો નંબર આવ્યો ? આ શહેરમાં હોર્ડિંગ્સ વાઈ-ફાઈના લાગ્યા છે તે શું છે ? જેવા પ્રશ્નો વિજીલન્સ એન્ડ મોનીટરીંગ સેલની બેઠકમાં હાજરી આપવા આવેલા શ્રી અડવાણીએ કર્યા હતા.

જિલ્લા કલેક્ટરશ્રીએ ૩૧મી માર્ચ સુધી પાટનગરને વાઈ-ફાઈ બનાવવા અંગે હાથ ધરાયેલ કામગીરીની જાણકારી આપી હતી. તેમજ સ્વચ્છતાના સર્વેમાં ગાંધીનગરનો ક્રમ ૪૩મો આવ્યો હોવાનું જણાવ્યું હતું. આ માટે કોર્પોરેશન દ્વારા જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

બેઠકને અંતે શ્રી અડવાણીએ તંત્રના અધિકારીઓ દ્વારા થઈ રહેલી કામગીરીને બિરદાવી જણાવ્યું હતું કે તંત્રના કર્મચારીઓ સાચા અર્થમાં મહેનત કરી રહ્યા છે અને તેના સારા પરિણામો જોવા મળ્યા છે તે અભિનંદનીય છે.

તેમણે કહ્યું હતુ કે જિલ્લો નાનો જરૂર છે પણ પહેલાં જે સ્થિતિ હતી તેમાં ઘણો બધો બદલાવ આવ્યો છે તે નોંધનીય છે. તેમણે જણાવ્યું હતું કે સારા પરિણામો એ જ તેમાં આવેલા બદલાવનું પ્રમાણ છે.

રાજકીય બાબતો અંગેના પ્રશ્નોના ઉત્તરને ટાળતા તેમણે જણાવ્યું હતું કે આજની મારી મુલાકાત માત્ર બેઠકને લઈ હતી અને પત્રકાર તરીકે રહી ચુક્યો છે એટલે ગમે તેટલુ ફેરવી ફેરવીને તમે એ મુદ્દા પર લાવશો તો પણ હું નહિ બોલુ - ધન્યવાદ

આ પછી તેમણે શહેર ભાજપના આગેવાનો સાથે બેઠક કરી હતી. જેમાં મેયર અને સંગઠનના નવા-જુના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# સ્માર્ટ વિલેજની નવી યોજના હોઈ તંત્રએ તે માટેની કવાયત હાથ ધરી છે

## ગ્રામ વિકાસ એજન્સીની વિજીલન્સ એન્ડ મોનીટરીંગ સેલની બેઠકમાં સ્વચ્છતા મિશન; આવાસ યોજના સહિતના મુદ્દાઓની સમીક્ષા કરતા અડવાણી : કામગીરીથી સંતોષ થયો છે : અડવાણી

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લામાં પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોને સ્માર્ટ વિલેજ પ્રોજેક્ટમાં આવરી લેવાય તે માટે તંત્ર દ્વારા કાર્યવાહી ચાલી રહી છે. જો કે આખરી દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા તેની માર્ગદર્શક નીતિ તૈયાર થઈ આવેથી કરાશે તેમ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે જણાવ્યું છે.

સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણીના અધ્યક્ષપદે મળેલ વિજીલન્સ એન્ડ મોનીટરીંગ સેલની બેઠકમાં શ્રી અડવાણીએ સ્માર્ટ વિલેજને લઈ પ્રશ્નોત્તરી જે ટુંકી કરી હતી તેમાં કલેક્ટરશ્રી રવિશંકરે આ સ્પષ્ટાતઓ કરી હતી.

આજની આ બેઠકમાં શ્રી અડવાણીએ ૨૦૧૫માં થયેલ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. જો કે સાંસદ શ્રીમતિ જયશ્રીબેન પટેલે એક-બે તલાટી સામેની ફરિયાદ આ બેઠકમાં કરી સૌને ચોકાવી દીધા હતા.

આજની આ બેઠકમાં સાંસદ શ્રી અડવાણીએ સ્વચ્છતા મિશનની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે લોક-જાગૃત અભિયાન પર પણ ભાર મુક્યો હતો. તેમણે કહ્યું કે આ કામગીરી કઠીન જરૂર છે પણ જાગૃતિ આવે તે પછી તેમાં સરળતા આવશે તેમ તેમણે કહ્યું હતું.

આજની બેઠકમાં મનરેગા, ઈન્દિરા આવાસ યોજના, રિ-સર્વે, વાસ્મોની કામગીરી વોટરશેડ પ્રોજેક્ટની કામગીરી, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લામાં મનરેગામાં મનરેગા અંતર્ગત ૪૦ પરિવારોએ ૧૦૦ દિવસની કામગીરી પૂર્ણ કરી હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

# ગ-માર્ગને સિકસલેન બનાવવા માટે રિવાઈઝ દરખાસ્ત કરાશે

## ખ-માર્ગની સાથે હવે ગ-માર્ગને પણ સિકસલેન બનાવવા માટે ગતિવિધિઓ

ગાંધીનગર તા ૨૩

શહેરના ખ માર્ગને સિકસલેન બનાવવાની કામગીરી ચાલી રહી છે જયારે પાટનગર યોજના વિભાગ દ્વારા ટુંકમાં હવે ગ માર્ગને સિકસલેન બનાવવા માટે વિભાગને રિવાઈઝ દરખાસ્ત કરવામાં આવશે. ગ માર્ગને સિકસલેન કરવા માટે અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ થશે.

શહેરમાં મોટાભાગના મુખ્ય રસ્તાઓનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે શેહરના નવા તેમજ જુના સેકટરોમાં હજુ આંતરિક રસ્તાની કામગીરીમાં કેટલાક ભાગમાં રસ્તાઓ ઉબડ ખાબડ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેમાં સે-૨૧ શોપિંગ વિસ્તાર તેમજ સેકટરોના અમુક રસ્તાઓનુ કામ છેલ્લા ઘણાં સમયથી અટવાયેલુ છે. જયારે નવા સેકટરોમાં પણ આંતરિક રસ્તાઓની સુધારણા માટે તંત્ર દ્વારા ટુંકમાં રિવાઈઝ દરખાસ્ત કરવામાં આવશે. હાલ શહેરના ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી ચાલી રહી છે. ખ માર્ગને સિકસલેન બનાવવા માટે રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે મહાત્મા મંદિર સાથે જોડાયેલા આ માર્ગનુ કામ પુર્ણ થતા ૧૦ મહીના જેટલો સમય લાગશે. અગાઉ પાટનગર યોજના વિભાગ દ્વારા શેહરના ખ તેમજ ગ માર્ગને સિકસેલેન બનાવવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે આ પૈકી વિભાગ દ્વારા માત્ર ખ માર્ગના કામને મંજુરી અપાતા ગ માર્ગને સિકસલેન કરવાનુ કામ હજુ સુધી હાથ ધરી શકાયુ નથી. જયારે ગ માર્ગને સિકસલેન કરવા માટે તંત્ર દ્વારા વિભાગને રિવાઈઝ દરખાસ્ત કરવામાં આવશે.

# જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની ૨૯મીની બેઠક રદ

## પંચાયત સચિવે ૩૦ માર્ચ સુધી સ્થિતિ યથાવત રાખવા આપેલ આદેશ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના નવા ચેરમેનની નિયુક્તીને લઈ ૨૯મીએ બોલાવેલી બેઠક કાનૂની જંગમાં બાબત અટવાયેલી હોવાથી આજે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે પ્રથમ બેઠકમાં ચેરમેન તરીકે ભાવિનસિંહ ઠાકોરની વરણી બળવાખોર તરીકે થઈ હતી પરંતુ તેની કાર્યવાહી નોંધ પર કાર્યકારી અધ્યક્ષશ્રીએ સહિ ન કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ બેઠકની કાર્યવાહી રદ કરી હતી. જેની રિવીઝન અરજી પંચાયત સચિવને શ્રી ભાવિનસિંહ ઠાકોરે કરી હતી.

આ રિવીઝન અરજીની સુનાવણી દરમ્યાન કાર્યકારી અધ્યક્ષ સોનલબેન પટેલે પણ વાંધા અરજી દાખલ કરી તેમને સાંભળવામાં આવે તેવું જણાવાતં તા. ૩૦મી માર્ચ સુધી પંચાયત સચિવે મનાઈહુકમ આપી યથાવત સ્થિતિ જાળવી રાખવા જણાવ્યું છે.

પંચાયત સચિવે આપેલ મનાઈહુકમને પગલે ૨૯મીએ બોલાવેલી બેઠક હવે તંત્ર દ્વારા રદ કરવામાં આવી છે. તેમજ આ કેસમાં હવે ૩૦મી માર્ચે સુનાવણી આગળ ચાલશે. આ અગાઉ બાંધકામ સમિતિના ચેરમેન તરીકે શ્રીમતિ અમૃતાબેનની નિમણુંકને પંચાયત સચિવશ્રીએ બહાલ રાખી છે. હવે સૌની નજર પંચાયત સચિવના ચુકાદા પર મંડાઈ છે.



લીમડે આવ્યો મ્હોર - માત્ર ૧૫ દિવસ બાદ ચૈત્ર મહિનાના આરંભે લીમડાનો મ્હોર પીવાની પરંપરા મજબૂતાઈથી સામાજીક શૈલીમાં સ્થાન લીધુ છે... લીમડાનો મ્હોર પીવાથી આખુ વર્ષ તંદુરસ્તી જળવાય છે... એવી માન્યતા સાથે ઘેર-ઘેર લીમડાનો મ્હોરનો મહિમા વધતો જાય છે... આજકાલ ગાંધીનગરના લીમડાઓમાં મ્હોર વ્યાપક પ્રમાણમાં દેખાઈ રહ્યો છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચ્યો

## મહત્તમ તાપમાનનો પારો ૨.૫ ડીગ્રી ઉંચો આવ્યો જયારે ન્યુન્તમ તાપમાનમાં ૭.૫ ડીગ્રી ઘટ્યુ. ઠંડી ગરમીના પારા વચ્ચે ત્રણગણો તફાવત. દિવસે નગરજનો ગરમીમાં શેકાયા અને રાત્રે ગુલાબી ઠંડી જનઆરોગ્ય પર વિપરિત અસર

ગાંધીનગર તા ૨૩

ફોરમતા ફાગણમાં ચૈત્ર આકાશે ચઢયો હોય તેમ ગરમીનો મિજાજ ઉગ્ર બન્યો છે. આજે ગરમીનો પારો અઢી ડીગ્રી ઉપર આવતા અત્યાર સુધી સિઝનનો મહત્તમ ગરમ દિવસ પુરવાર થયો હતો. ગરમીનો પારો ૪૦ ડી ગ્રીએ પહોંચી જતા દિવસે આગ વરસતી ગરમીમાં નગરજનો શેકાયા હતા. જયારે બીજીતરફ લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. ન્યુન્તમ તાપમાન ૮ ડીગ્રી ગગડતા ઠંડીનો પારો સીધો ૧૫.૫ ડી ગ્રી નીચે ઉતરી ગયો હતો. જેના પરિણામે દિવસની આકરી ગરમીની સાથે માડીરાતે નગરજનોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. ડબલઋતુની અસર હજુ પણ યથાવત રહેતા જનઆરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે.

શહેરમાં મૌસમના બદલાતા મિજાજ વચ્ચે નગરજનો ધીમે ધીમે ગરમીની ઋતુથી પ્રભાવિત થઈ રહયા છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો ચઢઉતર થતા શિયાળાની વિદાય સાથે દિવસનો તાપ અસહ્ય બન્યો છે. ત્યારે હજુ પણ બદલાતા વાતાવરણ વચ્ચે ઠંડી ગરમીનુ જોર યથાવત હોવાનુ પણ તાપમાનના પારાની ગતિવિધિઓથી સ્પષ્ટ થઈ રહયુ છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો ધીમે ધીમે ઉપર ચઢી રહયો હોવાથી દિવસના આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો

● અનુસંધાન પાન-૭ પર


**GIPL — Guj Info Petro Limited**

Corporate Identity Number : U72900GJ2001PLC039162

**NOTICE INVITING TENDER**

Guj Info Petro Limited (GIPL) invites bids from competent agencies for "Annual Rate Contract for Housekeeping Services" and "Annual Rate Contract for Security Services" through single stage three part bidding process in sealed envelopes.

Tender Notice no : GIPL/ADM/2016/3/HSK and GIPL/ADM/2016/3/Security

| Details | Date & Time |
| --- | --- |
| Tender Upload Date | 24/03/2016 @ 15:00 hrs |
| Last Date to Submission | 12/04/2016 before 15:00 hrs |

Interested bidders can View and Bid the Tender Documents, Bid qualification Criteria and Bidding Schedule on GIPL Website: http://www.gipl.in & http://www.gipl.net.

All future announcements related to this tender shall be published on above mentioned website only.



**ટેન્ડર નોટીસ**

કોબા, તા. ગાંધીનગર ગામે નીચે મુજબના ભાવો બંધ કરવમાં દિન સાતમાં મોકલી આપવા.

(૧) નવા કોબા, જુના કોબા ટ્રી-ગાર્ડ (પાંજરા) નંગ-૧૫૦
(૨) ગામમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ડૉમ ટાઈપ નંગ-૧૨
(૩) નવા કોબા, જુના કોબામાં ગ્રામ પંચાયત સ્વભંડોળમાંથી બેસવા માટે બાંકડા નંગ-૧૦૦ (સીમેન્ટ-કોંક્રીટ, નામની પ્લેટ સાથેના)
(૪) ઘરે-ઘરેથી કચરો એકત્ર કરી ગ્રામ પંચાયત બતાવે તે જગ્યાએ નિકાલ કરવો (દરરોજનો ભાવ)
(૫) ઘરે-ઘરેથી ઘન કચરો એકત્ર કરવાનું સાધન

ઉપરોક્ત ભાવો દિન સાતમાં બંધ કવરમાં કવર પર જે તે કામનું નામ લખી સરપંચશ્રી કોબા ગ્રામ પંચાયતના નામે મોકલી આપવું.

સરપંચશ્રી
કોબા ગ્રામ પંચાયત
તા. જી. ગાંધીનગર



**નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર**

સેકટર નં.-૩૦,૧૦/૧,ચ.ટાઈપ,ગાંધીનગર

GOVT. OF INDIA

રાષ્ટ્રીય યુવા વાહિની(નેશનલ યુથ કોર્પ્સ)યોજના હેઠળ વોલન્ટીયર્સ ની ભરતી માટેની અરજી ગાંધીનગર જીલ્લા માટે મંગાવવામાં આવે છે.

- ૧ એપ્રિલ ૨૦૧૬ના રોજ ૧૮ થી ૨૫ વર્ષના યુવાન ભાઈ/બહેનોની સામાજિક ક્ષેત્રે સેવા કરવા વોલન્ટીયર્સની ભરતી કરવાની છે.
- વોલન્ટીયર્સ ની વધુમાં વધુ ૨ વર્ષ માટે ભરતી કરવામાં આવશે.
- વોલન્ટીયર્સને દર મહીને રૂપિયા ૨૫૦૦/- માનદ વેતન આપવામાં આવશે. (આ કોઈ પગારવાળી કાયમી નોકરી નથી કે વોલન્ટીયર્સ ને કાયમી સરકારી નોકરી માટે દાવો કરવાનો કાયદાકીય અધિકાર પણ નથી)
- વોલન્ટીયર્સ રેગ્યુલર સ્ટુડન્ટ ના હોવા જોઈએ.
- વોલન્ટીયર્સ ને આરોગ્ય,સાક્ષરતા,સ્વચ્છતા,જાતિ અને સામાજીક ક્ષેત્ર વગેરેમાં જાગૃતી અભીયાન જેવા કાર્યક્રમો કરવાના રહેશે.
- ઓછામાં ઓછુ ધોરણ ૧૦ પાસ રાષ્ટ્રીય યુવા વાહિની(NYC)ભરતી માટે યોગ્ય ગણાશે,પરંતુ તેનાથી વધારાનું ભણતર અને કોમ્પ્યુટર એપ્લીકેશન જાણકાર,નેહરૂ યુવા કેન્દ્રના યુવા મંડળના સભ્ય અને મેન્ટર યુથ કલબના સભ્ય ને પ્રધાન્ય આપવામાં આવશે.
- અરજી પત્રક તથા જરૂરી લાયકાત નેહરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર અને તેની નીચે જણાવેલ વેબસાઈટ ઉપર યોજનાની માહિતી ઉપલબ્ધ છે. ઓનલાઈન અરજી કરી અને નેહરૂ યુવા કેન્દ્રના સરનામે અરજી પત્રક આપવાની છેલ્લી તારીખ ૩૧.૦૩.૨૦૧૬ રહેશે.
- અરજદાર વોલન્ટીયર્સ જીલ્લાનો રહેવાસી હોવો ફરજીયાત રહેશે.

વધુ માહિતી માટે સંપર્ક કરો

જિલ્લા યુવા સંયોજક,નહેરુ યુવા કેન્દ્ર,ગાંધીનગર,ફોન.:૦૭૯-૨૩૨૬૨૦૦૫

web site:- www.nyks.org, www.yas.nic.in



**ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યુરો.**

(A Govt. of Gujarat Organization)

**ટેન્ડર નોટીસ**

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે પડેલ બિન-ઉપયોગી ભંગાર ને **"જ્યાં છે ત્યાં ની સ્થિતિમાંથી ઉપાડ ની પદ્ધતિએ"** નિકાલ કરવાનો છે. ભંગારના નિરીક્ષણ માટે તારીખ ૨૪.૦૩.૨૦૧૬ થી ૦૪.૦૪.૨૦૧૬ દરમ્યાન રજા સિવાયના દિવસોમાં સવારે ૧૧:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન મહાત્મા મંદિર ખાતે નિરીક્ષણ કરી શકશે. સીલબંધ કવરમાં નિયત પત્રકમાં ભાવ તા.૦૪.૦૪.૨૦૧૬ સાંજે ૪:૦૦ કલાક સુધીમાં નીચે દર્શાવેલ સ્થળે જમા કરાવવાના રહેશે. સદરહુ નિયત પત્રક મહાત્મા મંદિર ખાતેથી મળી શકશે. આ અંગેના ભાવપત્રક મંજૂર કરવા/ન કરવા અંગેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટર નો રહેશે.

મેનેજીંગ ડિરેક્ટર, ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યુરો,
બ્લોક નં ૧૮/૨, ઉદ્યોગ ભવન, ગાંધીનગર -૩૮૨ ૦૧૦. ફોન:
૦૭૯-૨૩૨-૫૦૪૯૨/૯૩











Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com